અપીલ અરજી નં.૩૧૦ તા.૩–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ખલીલ ઈસ્માઈલ મીરઝા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ખલીલ ઈસ્માઈલ મીરઝાની તા.૧–૧૧–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૫૦૪ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની દક્ષિણ દિશામાં આવેલ ખુલ્લા પ્લોટ ઉપર થઈ રહેલા બાંધકામ અંગે (૧) સદર પ્લોટ ઉપર થઈ રહેલા બાંધકામ અંગે કરવામાં આવેલ ઠરાવોની નકલ, (૨) મંજુર કરવામાં આવેલ ટેન્ડરની રકમ, સંસ્થાનું નામ, સબંધિત વ્યકિતનું નામ, (૩) તે અંગેના મંજુર કરવમાં આવેલ પ્લાનની નકલ, (૪)હયાત મ્યુ. કોર્પોરેશન કચેરીની ઈમારત ૪૦૦ વર્ષ જેટલી જુની હોય સરંક્ષિત ઈમારતની આસપાસ બાંધકામ કરવા અંગે પુરાતત્વઓ પાસેથી મેળવેલ પરવાનગીની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૦/૨૦૧૦–૧૧

શ્રી ખલીલ ઈસ્માઈલ મીરઝાની તા.૧–૧૧–૧૦ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૫૦૪ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની દક્ષિણ દિશામાં આવેલ ખુલ્લા પ્લોટ ઉપર થઈ રહેલા બાંધકામ અંગે (૧) સદર પ્લોટ ઉપર થઈ રહેલા બાંધકામ અંગે કરવામાં આવેલ ઠરાવોની નકલ, (૨) મંજુર કરવામાં આવેલ ટેન્ડરની રકમ, સંસ્થાનું નામ, સબંધિત વ્યકિતનું નામ, (૩) તે અંગેના મંજુર કરવામાં આવેલ પ્લાનની નકલ, (૪)હયાત મ્યુ. કોર્પોરેશન કચેરીની ઈમારત ૪૦૦ વર્ષ જેટલી જુની હોય સરંક્ષિત ઈમારતની આસપાસ બાંધકામ કરવા અંગે પુરાતત્વઓ પાસેથી મેળવેલ પરવાનગીની નકલની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા૩–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૪ તા.૧૧–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજી સાથે કે અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ની વિગત તથા મળેલ માહિતીની વિગતો રજુ કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૯૫ તા.૭–૦૨–૧૧ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી મેળવવા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧ ૬૮ તા.૨૪–૧૧–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૦૭ તા.૩૦–૧૧–૧૦ ના પત્રની નકલ તથા અરજદારને પૂરી પાડેલ નકશા તથા માહિતીની નકલ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૩૬ તા.૫–૧૨–૧૦ ના પત્રની નકલ, સ્થા.સ.ઠ.નં.૧૩૧૯/૨૦૧૦ ના તા.૨૦–૮–૧૦ ના મંજુર થયેલ ટેન્ડરના ઠરાવની નકલ, મંજુર ટેન્ડરના નકશા નંગ–૫ ની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ , અરજી ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગેના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૦૭ તા.૩૦–૧૧–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ તથા સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૩૬ તા.૬–૧૨–૧૦ થી આપેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૨૦૭ તા.૩૦–૧૧–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૩૬ તા.૬–૧૨–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૩૬ તા.૬–૧૨–૧૦ થી નારાજ થઈ તા.૩–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આપેલ પ્લાન મંજુર પ્લાન નથી તેમજ ટેન્ડર મંજુર થયેલ વ્યકિતનું નામ નથી તેવું જણાવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સદર પ્લોટ ઉપર થઈ રહેલા બાંધકામ અંગે કરવામાં આવેલ ઠરાવોની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીના મુદ્દા નં.૧ અન્વયે ઉપરોકત પ્લોટ પર થઈ રહેલા બાંધકામ અંગે મંજુર થયે ટેન્ડરના ઠરાવની નકલ સેન્ટ્રલઝોન કચેરીના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૧૧૬૮ તા.૨૪–૧૧–૧૦ મુજબ જરૂરી રકમ જમા કરાવ્યેથી પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ. જે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૧૨૩૬ તા.૬–૧૨–૧૦ થી અરજદારને મંજરુ થયેલ ટેન્ડરના ઠરાવની નકલ–૧ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) મંજુર કરવામાં આવેલ ટેન્ડરની રકમ, સંસ્થાનું નામ, સબંધિત વ્યકિતનું નામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર કરવામાં આવેલ રૂા.૨,૩૫,૩૧,૦૩૪.૧૨ પૈ. અને ઈજારાદાર/સંસ્થાનું નામઃ– કૃણાલ સ્ટ્રકચર (ઈન્ડિયા) પ્રા.લી. રાજકોટ.તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે

અપીલમાં ટેન્ડર મંજુર થયેલ વ્યકિતનું નામ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ ટેન્ડર મંજુર થયેલ સંસ્થા કે વ્યકિત પૈકીની દફતરી માહિતી પૂરી પાડવાની રહે અને તે પૂરી પડાયેલ છે જેથી આ અંગે અરજદારની તકરારને સ્થાન નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. મુદ્દા (૩) તે અંગેના મંજુર કરવામાં આવેલ પ્લાનની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ અન્વયે સ્થળ ઉપર કરવામાં આવનાર બાંધકામની નકલ (પાંચ પેજ) ઝોન કચેરીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૬૮ તા.૨૪–૧૧–૧૦ મુજબ જરૂરી રકમ જમા કરાવ્યેથી પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ. ત્યાર બાદ અરજદારે રસીદ નં.૫૧૩૧૪ તા.૧–૧૨–૧૦ થી નાણા જમા કરાવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૩૬ તા.૬–૧૨–૧૦ થી મંજુર ટેન્ડર નકશા નંગ–૫ના પ્લાન પૂરા પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે વિગતમાં પણ બાંધકામ પ્લાનના નકશા પૂરા પાડેલ છે . મુદ્દા નં. (૪)હયાત મ્યુ. કોર્પોરેશન કચેરીની ઈમારત ૪૦૦ વર્ષ જેટલી જુની હોય સરંક્ષિત ઈમારતની આસ પાસ બાંધકામ કરવા અંગે પુરાતત્વઓ પાસેથી મેળવેલ પરવાનગીની નકલની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પુરાતત્વ ખાતા પાસેથી કોઈ પરવાનગી મેળવવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

( પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ખલીલ ઈસમાઈલ મીરઝા,